# ક્રાંતિકારીનો ઉદભવ

- અરુણ જેટલી

વિપક્ષી નેતા (રાજ્ય સભા)

ચૂંટણીનો સમય ચાલી રહ્યો છે અને અમે વાસ્તવિક પ્રચાર અભિયાનમાં લાગી ગયા છીએ. બધા રાજકીય પક્ષો તેમની પ્રચાર ઝુંબેશના આયોજન, યુતિ કરવા, ઉમેદવારોના નામોની જાહેરાત કરવા અને ચૂંટણીની વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત છે. ઈલેક્ટ્રોનિક, પ્રિન્ટ અને સોશિયલ મીડિયા માટે પ્રચાર ઝુંબેશ સામગ્રીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેની સાથે સાથે ખૂબ જ મોટી સંખ્યામાં નવા લોકો રાજકારણમાં ઝંપલાવી રહ્યા છે. આ એક હકારાત્મક વલણ છે. તેઓને રાષ્ટ્ર નિર્માણ માટે ફાળો આપવાની ભાવનાથી પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. આમાં ફિલ્મી કલાકારો, રમતવીરો, અને સિદ્ધિઓ હાંસલ કરનારાઓને રાજકારણમાં જોડાવા માટે વિવિધ પક્ષો સમજાવી રહ્યા છે. અમુક કિસ્સાઓમાં તેઓ ઉમેદવારો પણ બની રહ્યા છે. પક્ષપલટો કરવાની મોસમ પણ પૂરબહારમાં ખીલી છે. ચૂંટણી સમયે પક્ષપલટો કરવાને રાજકીય પક્ષોનું ધ્રુવીકરણ કહેવામાં આવે છે.

ચૂંટણી પણ ક્રાંતિકારીઓ (અંગ્રેજીમાં જેને માવેરિક કહે છે) માટે એક ખાસ પ્રસંગ છે. કહેવાય છે કે માવેરિક વિચાર અને ક્રિયામાં સ્વતંત્ર હોય છે. તેઓને પરંપરાગત નિયમો બંધનકર્તા નથી. તેઓ અસામાન્ય હોય છે. તેઓ કેવી રીતે લોકોનું ધ્યાન પોતાના પર કેન્દ્રિત કરવું તેની દરેક યુક્તિઓ જાણે છે. તેઓ પ્રસિદ્ધિને આકર્ષે છે. તેઓ સ્થિતિ અભિગમ બદલતા અચકાતા નથી. તેઓ પરંપરાગત રાજકારણીઓ કરતાં વધારે સમય ઈલેક્ટ્રોનિક મીડિયા પર મેળવે છે. સામાજિક મીડિયા ખાસ કરીને ટ્વિટર માવેરિક અભિપ્રાયો માટે એક વિશાળ જગ્યા છે.

'માવેરિક' શબ્દ 19 મી સદીમાં થઈ ગયેલા જમીનદાર અને દક્ષિણ કેરોલિનાના ધારાસભ્ય સેમ્યુઅલ ઓગસ્ટસ માવેરિકના નામ પરથી આવ્યો છે. તેમણે જમીનદાર તરીકે કારકિર્દી શરૂ કરી અને તેમના પિતાનો વ્યવસાય સંભાળ્યો. ત્યારબાદ કાયદાઓનો અભ્યાસ કરીને ઓફિસ ખોલી હતી. ટેક્સાસ ક્રાંતિ દરમિયાન તેમને નજરકેદ કરવામાં આવ્યા. પછી તેમણે ટેક્સાસના મેયર તરીકે સેવા આપી હતી. તેમણે પશુઓને ભટકવાની પરવાનગી આપી હતી અને પશુઓના એક નાના ટોળા તરીકે 'માવેરિક' શબ્દ પ્રચલિત થયો.

ભારતમાં અનેક માવેરિક છે. મુક્ત વિચારકો અસ્થાયીરૂપે પક્ષોમાં જોડાતા હોય છે અને પછી પોતાની જાતને તે પક્ષને લાયક ગણતા નથી. તેમાંથી કેટલાક તો રાજકીય પક્ષો પણ રચે છે. તેઓ બિનપરંપરાગત હોય છે. તેઓ વધુમાં વધુ પ્રસિદ્ધિ મેળવવા માટે બનાવાયેલા હોય છે. આવા માવેરિકને પાયાહીન આક્ષેપો કરવાની આદત છે. આવા માવેરિક વાકપ્રહારો કરવા સક્ષમ હોય છે કારણ કે પરંપરાગત રાજકારણીઓની તેઓની સાથે જોડાવા માટે અનિચ્છા હોય છે. તેઓને વાઈલ્ડ કાર્ડ પ્રવેશ મળ્યો હોય છે .

માવેરિક સાથે વ્યવહાર કેવી રીતે કરવો તેનું હંમેશા મને આશ્ચર્ય થાય છે . તમે માવેરિકના પ્રશ્નોના ઉત્તર આપી શકો ખરા? તેઓ તમારા ઘરમાં ઘુસવાનો પ્રયત્ન કરે તો તમે તેને મળવા ઈચ્છો ખરા? શું તમે તેને મંચ ફાળવી શકો અથવા તમે તેના પ્રત્યે ધ્યાન આપતા નથી અને તેની કાર્યસૂચિ તમારા પક્ષની પરંપરાગત શૈલી સાથે ચાલુ રાખવા માટે પરવાનગી આપો ખરા? મને લાગે છે કે મૌન એક સુરક્ષિત વિકલ્પ છે. માવેરિકના શ્રેષ્ઠ પ્રતિભાવ હોઈ શકે છે. મૌન પ્રતિષ્ઠિત છે. તેઓ તમને તેના વિચિત્ર એજન્ડા પર માવેરિક સાથે સંલગ્ન ગૂંચવણભરી સ્થિતિમાં મુકતા બચાવે છે.

નરેન્દ્ર મોદીએ આ હેતુસર જ અરવિંદ કેજરીવાલ સાથે ચર્ચાની દરખાસ્ત નામંજૂર કરી હતી.